# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 17-04-2024 Evening : 7.50 to 8.00
Day : Wednesday National News

આકાશવાણી સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

*************************************************

- લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે પ્રચાર અભિયાન સમાપ્ત, શુક્રવારે 102 બેઠકો માટે થશે મતદાન
- લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા માટે આવતીકાલે જાહેરનામું બહાર પડશે, 96 બેઠકો માટે 25મી એપ્રિલ સુધી ઉમેદવારી પત્ર ભરી શકાશે
- અમદાવાદ- વડોદરા એક્સપ્રેસ હાઇવે પર કાર અને ટેન્કર વચ્ચે ગંભીર અકસ્માતમાં 10 મુસાફરોના મુત્ય થયાં
- અયોધ્યા મંદિરમાં બિરાજ્યા બાદ રામલલાના પહેલાં જન્મોત્સવની ઉલ્લાસભેર ઉજવણી કરાઈ
- અને આઇપીએલ ક્રિકેટ સ્પર્ધામાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગુજરાત ટાઈટન્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મેચ રમાઈ રહી છે

*********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# LS _ CAMPAING _FINAL

લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે આજે પ્રચાર અભિયાનનો અંત આવ્યો છે. તમામ રાજકીય દળો અને નેતાઓએ મતાદાતાઓને રિઝવવાના પૂરતા પ્રયાસો કર્યા. આ શુક્રવારે, 19મી તારીખે પ્રથમ તબક્કા માટે મતદાન થશે, જેમાં 17 રાજ્યો તેમજ ચાર કેન્દ્રશાસિત પ્રદેશોની મળીને કુલ 102 લોકસભા બેઠકો માટે મતદાન થશે. જેમાં તમિલનાડુની 39, રાજસ્થાનની 12, ઉત્તર પ્રદેશની 8, મધ્ય પ્રદેશની 6, ઉત્તરાખંડ – આસામ અને મહારાષ્ટ્રમાં 5 બેઠકો, બિહારની 4, પશ્ચિમ બંગાળની 3, અરૂણાચલ પ્રદેશ, મેઘાલયની બે-બે બેઠકો, જ્યારેકે છત્તીસગઢ, મિઝોરમ, નાગાલૅન્ડ, સિક્કીમ, ત્રિપુરા, આંદમાન-નિકોબાર ટાપુ, જમ્મૂ કાશ્મીર, લક્ષદીપ અને પુડુચેરીમાં અનુક્રમે એક – એક બેઠક માટે મતદાન થવા જઈ રહ્યું છે. પ્રથમત બક્કામાં 625 ઉમેદવારોના ભાવિનો ફેંસલો થશે. અરૂણાચલ પ્રદેશ અને સિક્કિમમાં લોકસભા સાથે - સાથે વિધાનસભા માટે પણ મતદાન થશે. લોકસભા ચૂંટણીને જોતા તમામ રાજકીય પક્ષોએ એડીચોટીનું જોર લગાવ્યું છે.

પ્રધાનમંત્રી મોદીએ ત્રિપુરાના અગરતલામાં ચૂંટણી બેઠક યોજી હતી. તો અસમના નલબાડીમાં સભા સંબોધતા પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, ભાજપના નેતૃત્વમાં NDA સરકાર સમાવેશી વિકાસમાં વિશ્વાસ રાખે છે. તેમણે કહ્યું કે કોઈ પણ વ્યક્તિ ભેદભાવ વિના સરકારી યોજનાઓનો લાભ મેળવી શકે છે.

શ્રી મોદીએ ગરીબો અને જરૂરિયામંદ લોકો માટે મફત રાશનની જોગવાઈ સહિત, આગામી પાંચ વર્ષોમાં ત્રણ કરોડ જેટલા નવા મકાનો બનાવવાનુ વચન આપ્યું છે. આ તરફ કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ કર્ણાટકના મંડ્યામાં જાહેર સભાને સંબોધન કર્યું હતું. રાહુલ ગાંધીએ ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવ સાથે એક પત્રકાર પરિષદને સંબોધન પણ કર્યું.

તો કોંગ્રેસ સમિતિના મહાસચિવ પ્રિયંકા ગાંધી સહારનપુરમાં કોંગ્રેસના ઉમેદવાર ઇમરાન મસૂદ માટે પ્રચાર કર્યો. પ્રિયંકા ગાંધીએ ઉમેર્યું કે ભાજપે ચૂંટણી બૉન્ડ શરૂ કર્યા,પરંતુ બૉન્ડ ખરીદનારા લોકોની યાદી ગુપ્ત રાખવા માગે છે. જોકે સર્વોચ્ચ ન્યાયાલયે તેમના નામો જાહેર કરવાનો આદેશ આપ્યો અને ભાજપનું રહસ્ય ખુલી ગયું.

આ તરફ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ અસમના સિલ્ચરમાં જાહેર સભા સંબોધી હતી..

# notification

લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા માટે આવતીકાલે જાહેરનામું બહાર પડશે. આ તબક્કામાં નવ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની 96 લોકસભા બેઠકો માટે ચૂંટણી યોજાશે.

ચોથા તબક્કામાં આંધ્ર પ્રદેશની તમામ 25 બેઠકો, તેલંગાણાની 17, ઉત્તર પ્રદેશની 13, મહારાષ્ટ્રની 11, મધ્ય પ્રદેશ અને પશ્ચિમ બંગાળની આઠ-આઠ, બિહારની પાંચ, ઝારખંડ અને ઓડિશાની ચાર-ચાર બેઠકો અને જમ્મુ-કાશ્મીરની એક બેઠક માટે મતદાન થશે. આગામી 25 મી સુધી ઉમેદવારીપત્ર ભરી શકાશે.

આ તબક્કા માટે 13મી મેના રોજ મતદાન થશે. આ સાથે એક તબક્કામાં યોજાનારી આંધ્રપ્રદેશ વિધાનસભાની ચૂંટણી અને ઓડિશા વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે પણ આવતીકાલે જાહેરનામું બહાર પાડવામાં આવશે.

# EXPRESS _ACCIDENT

અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઇવે પર નડિયાદ ખાતે ગમખ્વાર અકસ્માત થયો હતો. જેમાં 10 મુસાફરોના મૃત્યુ થયા છે. વડોદરાથી અમદાવાદ તરફ આવી રહેલી કાર ટેન્કર પાછળ અથડાતા કારમાં સવાર તમામ લોકોનું મૃત્યુ થયું હતું. મૃતકો અલગ અલગ શહેરના હોવાનું સામે આવ્યું છે..

# JK _ BOMB

જમ્મૂ કાશ્મીર પોલીસ, CRPF તેમજ સેનાના જવાનોએ મળીને પૂંછના મેંઢર સબ-ડિવીઝનમાં શંકાસ્પદ ઉગ્રવાદીઓનું સ્થાન શોધીને ત્યાંથી બે ટિફિન બૉમ્બ શોધી કાઢ્યા છે.

આકાશવાણી જમ્મૂના સંવાદદાતાએ કહ્યું કે, સંયુક્ત દળોએ મેંઢરના સનાઈ-ગુરસાઈ વિસ્તારમાં સર્ચ ઑપરેશન હાથ ધર્યું હતું, જેમાં શંકાસ્પદ ઉગ્રવાદીઓનો અડ્ડો મળી આવ્યો. સાથે જ ત્રણ – ત્રણ કિલોગ્રામના બે ટિફિન બૉમ્બ, એક સ્ટીલ કેન વાળોદેશી બૉમ્બ, ઇલેક્ટ્રિક તાર, બેટરી, દવાઓ તેમજ કપડાં મળી આવ્યા હતા. બૉમ્બ સ્કવૉની ટીમે ઘટના સ્થળે પહોંચીને બૉમ્બ નિષ્ક્રીય બનાવ્યા હતા.

# IMD - HEAT WAVE

આગામી ચાર દિવસોમાં દેશના અનેક ભાગોમાં હીટ વેવની સ્થિતિ રહેશે. હવામાન વિભાગના અહેવાલ અનુસાર, ઓડિસા અને પશ્ચિમ બંગાળમાં આગામી ચાર દિવસોમાં ભયાનક ગરમી વર્તાશે. ગુજરતામાં સૌરાષ્ટ્ર ઉપરાંત ઝારખંડ, ઉત્તર કોંકણ, મધ્ય મહારાષ્ટ્ર, તટીય આઁધ્ર પ્રદેશ, તેલંગાણા, તમિલનાડુ અને પુડુચેરીમાં પણ હીટ વેવની અસર વર્તાશે.

આ રાજ્યોમાં મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો થશે. આ તરફ જમ્મૂ કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, હિમાચલ પ્રદેશ તેમજ ઉત્તરાખંડમાં આવતીકાલથી શરૂ કરીને રવિવાર સુધી ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે..

# SURYATILAK

રામનવમી પ્રસંગે અયોધ્યામાં ઉત્સવનો માહોલ રહ્યો. આ પ્રસંગે આજે બપોરે 12 વાગીને, 16 મિનિટે રામ લલાના મસ્તિષ્ક પર સૂર્ય તિલક કરાયું હતું. આરીશા અને લૅન્સની મદદથી એક વ્યાપક પ્રક્રિયા દ્વારા રામ લલાની પ્રતિમા પર સૂર્ય તિલકને શક્ય બનાવાયું.

રામ લલા મંદિરમાં બિરાજમાન થયા બાદ આ પહેલો રામ જન્મોત્સવ છે. વહેલી સવારથી જ હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ભગવાન રામના દર્શનાર્થે પહોંચ્યા હતા. એટલું જ નહીં સમગ્ર અયોધ્યા શહેરમાં આજે ઉત્સાહ અને ઉમંગનો માહોલ રહ્યો. આ ગત 22 જાન્યુઆરીએ આયોધ્યા મંદિરમાં રામ લલાનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો.

# PM_RAMLALA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રામ લલ્લાના સૂર્ય તિલકના પ્રસગંને ડિજિટલ રીતે નિહાળ્યુ હતુ. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે કરોડો ભારતીયોની જેમ, આ તેમના માટે ખૂબ જ ભાવનાત્મક ક્ષણ છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, અયોધ્યામાં ભવ્ય રામનવમીની ઉજવણી ઐતિહાસિક પ્રસંગ છે. પ્રધાનમંત્રીએ ઈચ્છા વ્યક્ત કરી કે આ સૂર્ય તિલક દરેકના જીવનમાં ઉર્જા લાવે અને તે રાષ્ટ્રના ગૌરવની નવી ઊંચાઈઓ સર કરવા માટે પ્રેરણા આપે.

# US-IRAN SANCTIONS

ઇરાન અને ઇઝરાયેલ વચ્ચેનાં સંઘર્ષના ઘેરા પ્રત્યાઘાતો પડી શકે છે. અમેરિકાએ ઇરાન પર આર્થિક પ્રતિબંધો લાદવાની તૈયારી કરી છે. વ્હાઇટ હાઉસે સત્તાવાર નિવેદનમાં કહ્યું છે કે રાષ્ટ્રપતિ જો બાઇડને મિસાઇલ અને ડ્રોન હુમલા કરવા બદલ ઇરાન સામે નવા પ્રતિબંધો લાદવાની જાહેરાત કરી કરશે. ગત સપ્તાહે ઇરાને ઇઝરાયેલ પર કરેલા હુમલા બાદ અમેરિકાએ આ પ્રતિક્રિયા આપી છે.

અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારના જણાવ્યા અનુસાર રાષ્ટ્રપતિ બાઇડન જી-7 સહિતના પ્રતિનિધિઓ અને આર્થિક સંગઠનો સાથે આ મુદ્દે વાતચીત કરી રહ્યા છે. અમેરિકા આગામી દિવસોમાં ઇરાનની સાથે ઇસ્લામિક રિવોલ્યૂશનરી ગાર્ડ કૉર્પ્સ અને ઇરાનના સંરક્ષણ મંત્રાલયને સમર્થન કરનારી સંસ્થાઓ સામે નવા પ્રતિબંધો મૂકશે. આ પૂર્વે 2019માં અમેરિકાએ ઇરાનના ઇસ્લામિક રિવોલ્યૂશનરી ગાર્ડ કોર્પ્સ સંસ્થાને આંતકવાદી સંસ્થાઓની યાદીમાં સામેલ કરી હતી.

# DUBAI-WEATHER

સંયુક્ત અરબ અમીરાત – UAEમાં ભારે વરસાદને પગલે જનજીવન ઠપ થયું છે. સરેરાશ એક વર્ષમાં પડતો વરસાદ અહીં માત્ર થોડા દિવસમાં પડ઼ી જતા સ્થિતિ વણસી છે.

સત્તાવાર આંકડાઓ પ્રમાણે કેટલાક વિસ્તારોમાં ઓછામાં ઓછો 200 મિલીમીટર વરસાદ પડ્યો છે, જે દેશનાં સરેરાશ વરસાદ કરતાં બમણો છે. સૌથી વધારે વરસાદ ખતમ અલ શક્લા, એલ એનમાં 259.5 મિલીમીટર નોંધાયો હતો. વરસાદને પગલે વાહન વ્યવહાર અને હવાઈ સેવાને અસર થવા પામી છે.

# UKRAIN - MISSILE ATTACK

યુક્રેનમાં ઉત્તરી શહેર ચેર્નિહાઈવમાં રશિયન મિસાઈલ હુમલામાં બે બાળકો સહિત 14 લોકો માર્યા ગયા હતા. સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે ત્રણ રશિયન મિસાઇલો રહેણાંક ઇમારતો, હોસ્પિટલ અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ ઉપર પડતા 60થી વધુ લોકો ઇજાગ્રસ્ત પણ થયા હતા.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, યુક્રેનના રાષ્ટ્રપતિ વ્હાલ્દીમીર ઝેલેન્સકીએ કહ્યું કે જો યુક્રેનને પશ્ચિમ તરફથી પૂરતા હવાઈ સંરક્ષણ સાધનો મળ્યા હોત તો આવું ન થયું હોત..

# GUJ_SPACE

અવકાશ કેનસેટ ઇન્ડિયા વિદ્યાર્થીઓની એક સ્પર્ધા આજે ગુજરાતના અમદાવાદમાં યોજાઈ હતી. અવકાશ ક્ષેત્રે રસ ધરાવતા સંશોધકોને પ્રોત્સાહન આપવા માટે ઇન્ડિયન નેશનલ સ્પેસ પ્રમોશન એન્ડ ઑથોરાઇઝેશન સેન્ટર તેમજ એસ્ટ્રોનૉટિકલ સોસાયટી ઑફ ઇન્ડિયાના સહયોગથી આ કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે સંબોધન કરતા ઇસરોના અધ્યક્ષ એસ. સોમનાથે કહ્યું કે, કેનસેટ સ્પર્ધાએ વિજ્ઞાન ક્ષેત્રે નવીનતા અને સંશોધનની સંસ્કૃતિને પોષવાની ભારતની પ્રતિબદ્ધતાનું પ્રમાણ છે. વધુમાં તેમણે ઉમેર્યું કે, આ વર્ષથી એસ્ટ્રોલોજીકલ સોસાયટી ઑફ ઇન્ડિયા ખાનગી ક્ષેત્ર અને શિક્ષણ વિદોને સભ્યપદ આપી રહી છે. દેશભરમાંથી અંદાજે 28 ટીમોએ આ બે દિવસીય સ્પર્ધામાં ભાગ લીધો હતો.

# MUMBAI-EGMO

ભારતીય ટીમે 13મી યુરોપિયન ગર્લ્સ મેથેમેટિકલ ઓલિમ્પિયાડ (EGMO) 2024માં 2 રજત અને 2 કાંસ્ય ચંદ્રક મેળવ્યા છે. આ ઓલિમ્પિયાડ 11 થી 17 એપ્રિલ, 2024 દરમિયાન જ્યોર્જિયાના ત્સ્કલટુબોમાં યોજાઈ હતી.

ગુડગાંવની ગુંજન અગ્રવાલઅને રુનપુરની સંજના ફિલો ચાકોએ રજત ચંદ્રક જ્યારે હિસારની લારિસાઅને પુણેની સાઈ પાટીલે કાંસ્ય ચંદ્રક જીત્યા હતા. ટીમનું નેતૃત્વ ચેન્નાઈ મેથેમેટિકલના લીડર સાહિલ મ્હસ્કર, ડેપ્યુટી લીડર અદિતિ મુથખોડ અને ઓબ્ઝર્વર અનન્યા રાનડેએ કર્યું હતું.

# IPL

આઇપીએલ ક્રિકેટ સ્પર્ધામાં આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગુજરાત ટાઈટન્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મેચ રમાઈ રહી છે.

દિલ્હી કેપિટલ્સે ટોસ જીતીને બેટિંગ પસંદ કરી. ઉલ્લેખનીય છે કે, ગુજરાત ટાઈટન્સની આ સાતમી મેચ છે. પ્લેઓફમાં સ્થાન મેળવવા માટે આજે મેચ બંન્ને ટીમો માટે ખુબ મહત્વની છે. શુભમન ગિલની આગેવાની વાળી ગુજરાત ટીમે અત્યાર સુધી 3 મેચ જીતી અને 3માં હાર મળી છે. છેલ્લાં અહેવાલ મુજબ દિલ્હી કેપિટલ્સે એક વિકેટે 15 રન કર્યા થયા છે.